# વાવાઝોડાની સહાયમાં વ્હાલા-દવલાની નિતીનો કોંગ્રેસ દ્વારા વિરોધ

## ૨૪ કોંગ્રેસના ધારાસભ્યોની અટકાયત કરાઈ

ગાંધીનગર, તા.૧૧

વિનાશક વાવાઝોડા તાઉ-તે એ ગુજરાતમાં ભારે તબાહી સર્જી હતી. ત્યારે સરકાર દ્વારા વાવાઝોડાને પગલે થયેલા નુકશાનમાં યોગ્ય વળતર આપવામાં આવ્યું નથી અને વળતર આપવામાં તંત્ર દ્વારા વ્હાલા દવલાની નિતી અપનાઈ હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરાયો છે.આજે ગાંધીનગર વિધાનસભા ખાતે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્યોની બેઠક વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીની ઓફિસ ખાતે યોજાઈ હતી. ત્યારબાદ સંકુલમાં કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ધરણા યોજાયા હતા. પરંતુ કાર્યક્રમની મંજુરી નહી હોવાથી પોલીસે ધારાસભ્યો અને કાર્યકરોની અટકાયત શરુ કરી હતી. આ પ્રસંગે પરેશ ધાનાણીને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જયારે પોલીસ અને કોંગ્રેસના ધારાસભ્યો સાથે ચકમકના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે કોંગ્રેસના ૨૪ ધારાસભ્યો અને કાર્યકરોની અટકાયત કરી હતી.

તાઉ-તે વાવાઝોડામાં અસરગ્રસ્ત માછીમારોને પુરતી સહાય આપવામાં આવી ન હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરાયો છે.જેને પગલે સરકાર સામે વિધાનસભા ખાતે વિરોધ કરી રહ્યા હતા. વિધાનસભા સંકુલ ખાતે ગાંધીજીની પ્રતિમા પાસે કોંગ્રેસના ધારાસભ્યો એકઠા થવાના હતા. તે પહેલા જ પોલીસે આવી ગઈ હતીઅને બધાને રોક્યા હતા. તે સમયે પોલીસ અને ધારાસભ્યો વચ્ચે ઝપાઝપી થઈ હતી વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય અમરીશભાઈ ડેર, સહિતના ધારાસભ્યને ડીટેઈન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે વાવાઝોડાને પગલે ઉના,દિવ, જાફરાબાદ, અને ભાવનગર મહુવા સહિતના વિસ્તારમાં ભારે તબાહી સર્જી હતી. આ વાવાઝોડામાં અનેક વ્યકિતઓએ જીવ ગુમાવ્યો છે તો કેટલાક નાગરીકો બેઘર બન્યા છે. મૃતકોને રૂ.૪ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને ૧ લાખની સહાય આપવાની જાહેરાત થઈ હતી. જેથી અસરગ્રસ્તોને યોગ્ય સહાય મળતી નથી. તેમાં ભેદભાવની નિતિ અપનાવવામાં આવી રહી છે.જેને નુકશાન થયું છે તેને યોગ્ય વળતર મળ્યું નથી. જેથી કોંગ્રેસ દ્વારા રાજયના નાગરીકોને ન્યાય અપાવવા માટે પ્રયત્ન કરીશુ.





પેથાપુર પાસેની જીઈબી કોલોની નજીક સંજરી ફ્લેટ ખાતે ઘણા સમયથી ગટર ઉભરાઈ રહી છે જેના કારણે રોગચાળો થવાની પણ સંભાવના છે, સંજરી ફ્લેટ સ્થાનિક રહેવાસીઓ દ્વારા અનેકવાર આ બાબતે રજુઆત કરી હોવા છતાં તેનો ઉકેલ આવતો નથી જેના કારણે રહીશોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. સત્વરે આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોની માંગ છે.

# મોટી આદરજ અને વાસણ મહાદેવ ગામેથી ૧૨ જુગારી ઝડપાયા

### એલસીબી પોલીસે ઝુલાસણ રાવળવાસથી વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોને પકડી પાડ્યા

ગાંધીનગર, તા. ૧૧

પેથાપુર પોલીસે મોટી આદરજ અને વાસણ મહાદેવ વિસ્તારમાં બાતમીને આધારે જુગાર રમતા ૧૨ જુગારીઓને પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૧,૮૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં દારૂ-જુગારની પ્રવૃતિ ડામી દેવા રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા સુચના અન્વયે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ આર.બી.પરમારના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ જયપાલસિંહ અને સંજયસિંહને બાતમી મળી હતી કે મોટી આદરજ ગામની સીમમાં અંધારીયુ પરા નજીક ખરાબાની ખુલ્લી જગ્યામાં જુગાર રમાય છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ કરતા બાજી માંડીને બેઠેલા નટવરજી જયંતિજી ઠાકોર, પ્રવિણજી કલાજી ઠાકોર, દશરથજી જીણાજી ઠાકોર, કલ્પેશજી ગાંડાજી ઠાકોર, સુરેશ આતાજી ઠાકોર અને રવાજી ગફુરજી (તમામ રહે. મોટી આદરજ) ને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રૂ.૧૧૪૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૧૦,૧૦૦ મળી કુલ રૂ.૧૧,૨૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે વાસણ મહાદેવ ગામે હાંગાવાળા નાળીયા તરફ જતા માર્ગની બાજુમાં ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમાતો હોવાની બાતમી પોલીસ કોન્સ્ટેબલ જયપાલસિંહ અને રાકેશભાઈને મળી હતી. જેથી



પેથાપુર પોલીસના જવાનોએ તાત્કાલીક રેઈડ પાડીને જુગાર રમી રહેલા રજુજી કચરાજી વાઘેલા (રહે.વાસણ મહાદેવ ગામ), જુજારસિંહ તખતસિંહ ચાવડા (રહે.વાસણ મહાદેવ), ઈન્દ્રજીતસિંહ રોહિતસિંહ વાઘેલા (રહે.વાસણ મહાદેવ), મહેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા (રહે. વાસણ મહાદેવ), રાજેન્દ્રજી પ્રહલાજી વિહોલા (રહે ઉનાવા ગામ સોલંકી પરૂ), અને નરેન્દ્રસિંહ રામસિંહ સોલંકી (રહે. ઉનાવા ગામ સોલંકી પરૂ)ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૯,૬૦૦ તેમજ દાવ પરથી રૂ,૧,૦૫૦ મળી કુલ રૂ.૧૦,૬૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે એલસીબી પોલીસે જુલાસણ ગામ જવાના માર્ગ પર રાવળવાસ નજીક ખુલ્લી જગ્યામાં વરલી મટકાનો જુગાર રમાડતા પાનસર ગામના રાવળવાસ ખાતે રહેતા રણજીતભાઈ કાન્તિભાઈ રાવળ અને સતિષ ઈશ્વરભાઈ રાવળને પકડી પાડ્યા હતા. આ બંન્ને શખ્સ વરલી મટકાનું વલણ પાનસર ગામના જ બળદેવભાઈ કેશાભાઈ રાવળને આપતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સાહિત્ય, રોકડ રકમ તેમજ મોબાઈલ મળીને કુલ રૂ.૧૨,૬૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી ત્રણેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ભાજપના અગ્રણી હિતેન્દ્ર પટેલની તબિયત નાદુરસ્ત બની છે અને તબીબોએ આરામની સલાહ આપી છે.
- શ્રી અમદાવાદ-કડી-વિજાપુર પરગણા શ્રીમાળી સોની ઉત્તેજક મંડળ અમદાવાદના પ્રમુખ તરીકે રાજુભાઈ (કુકરવાડા), ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ (ચરાડા) અને મહામંત્રી તરીકે વિનોદભાઈ (વી.ટી.)ની વરણી કરવામાં આવી છે.
- ગુજરાત પંચાયત મહાસંઘની આજે એક મહત્વની બેઠક સે. ૧૬ ખાતે બ્લોક હેલ્થ કચેરી ખાતે મળશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા ૧૯મી ઓગષ્ટે ૪ ગ્રંથોનું લોકાર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.
- વૈજનાથ મહાદેવ (વાસણ) ખાતે ભાવિક ભક્તોની લાગણીને માન આપી રાત્રિ પૂજાની વ્યવસ્થા શરૂ કરાઈ છે. આ ઉપરાંત ભક્તોને આહાર માટે શુદ્ધ-સાત્વીક ફરાળના વેચાણની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના પ્રમુખ તરીકે હર્ષદભાઈ પટેલ, મહામંત્રી તરીકે સંજયભાઈ જણસારીની નિયુક્તી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરના ગ્રામદેવતા પંચદેવ મંદિર ખાતે ૧૫મી ઓગષ્ટના વેક્સિનના હિંડોળાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- રાજયના મુખ્ય સચિવે આજે જિલ્લાના અધિકારીઓ સાથે વેક્સિનેશનની ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.
- જિલ્લાતંત્રના અધિકારીઓ આજે આખો દિવસ મિટીંગોમાં વ્યસ્ત રહ્યા હતા.

# આજથી ગાંધીનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીની જન સંવેદના યાત્રા

### પહેલા દિવસે માણસા અને કલોલ તાલુકામાં, બીજા દિવસે ગાંધીનગર અને દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ફરશે : ગોપાલ ઇટાલિયા, મહેશ સવાણી, ઇશુદાન ગઢવી અને વિજય સુંવાળા સહિતના નેતાઓ જોડાશે

ગાંધીનગર, તા.૧૧

આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યભરમાં જન સંવેદના મુલાકાત યાત્રા દ્વારા ગામેગામ કોરોના મૃતકોના સ્વજનો સાથે મુલાકાત યોજવા સાથે શ્રદ્ધાંજલી સભાનું આયોજન કરી તેમને દિલાસો આપવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પાર્ટીની ગાંધીનગર જિલ્લામાં જન સંવેદના મુલાકાત યાત્રા આવતીકાલે તા.૧૨મીથી પધારશે. બે દિવસની જિલ્લાની મુલાકાત દરમિયાન આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયા તેમજ પ્રદેશ કક્ષાના નેતાઓ મહેશ સવાણી, ઈશુદાન ગઢવી, વિજય સુંવાળા સહિત અન્ય અગ્રણી નેતાઓ તથા હોદ્દેદારો જોડાશે. આ યાત્રા દરમ્યાન સભા અને શ્રધ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવશે.

કોરોના મહામારીમાં ખાસ કરીને બીજી લહેર દરમિયાન ખુબ જ વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયું હતુ જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોટી સંખ્યામાં નાગરિકો કોરોનાનો ભોગ બનવા પામ્યા હતા જેમાં અસંખ્ય દર્દીઓના હોસ્પિટલમાં બેડ નહીં મળવાથી અથવા ઓક્સિજન નહીં મળવાને કારણે મૃત્યુ થયાં હતાં. આ ગમખ્વાર સ્થિતિના ઘા હજુ પણ ગ્રામિણ નાગરિકોના કાળજે કોતરાયેલા છે. જન સંવેદના યાત્રા થકી આપ પાર્ટી દ્વારા ગામે ગામ કોરોના મૃતકોના આત્માની સદગતિ માટે શ્રદ્ધાંજલિ સભા યોજવામાં આવી રહી છે. આપ પાર્ટીના ગાંધીનગર જીલ્લા પ્રમુખ મુકેશ પટેલની અખબારી યાદીમાં જણાવ્યાં અનુસાર જન સંવેદના મુલાકાત યાત્રા ગુરૂવારે સવારે ૯ કલાકે સુપ્રસિધ્ધ મહુડી જૈન દેરાસર ખાતે દર્શન કરી ૧ કલાકે આમજા ખાતે પહોંચશે. પહેલા દિવસે જન સંવેદના યાત્રા માણસા અને કલોલ તાલુકાના જ્યારે બીજા દિવસે તા.૧૩મી ઓગસ્ટ, શુક્રવારે ગાંધીનગર અને દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ફરશે.

### ‘આપ’ની જન સંવેદના મુલાકાત યાત્રાનો રૂટ

**તારીખ ૧૨મી ઓગસ્ટ, ગુરુવાર**

સવારે ૯ કલાકે મહુડી જૈન દેરાસર
૧૦ કલાકે આમજા ખાતે સ્વાગત
૧૧ કલાકે ઈટાદરા ખાતે સભા
૧૨.૩૦ કલાકે ગાયત્રી મંદીર માણસા ખાતે દર્શન
બપોરે ૨ કલાકે નારદીપુર ખાતે સ્વાગત
૨.૧૫ કલાકે ભડોલ ઉમિયામાતાના દર્શન
૨.૩૦ કલાકે ધમાસણા ખાતે સભા
૩.૩૦ કલાકે કલોલ ખાતે સ્વાગત
૪.૦૦ કલાકે મોટી ભોયણ
સાંજે ૫.૩૦ કલાકે સઈજ ખાતે સભા

**તા.૧૩મી ઓગસ્ટ, શુક્રવાર**

સવારે ૦૮.૩૦ કલાકે પેથાપુર ખાતે સ્વાગત
સવારે ૯.૩૦ કલાકે ઉનાવા ગોગા મહારાજ મંદિર
૧૦ કલાકે વાસણીયા મહાદેવના દર્શન
૧૦.૩૦ કલાકે રૂપાલ વરદાયિની માતાના દર્શન અને સભા
૧૧.૩૦ કલાકે રાંધેજા ખાતે સ્વાગત
૧૨.૦૦ કલાકે સિહોલી ખાતે સભા
બપોરે ૨ કલાકે યાત્રા ચિલોડા ખાતે સ્વાગત
૨.૩૦ કલાકે દહેગામમાં ખાતે સ્વાગત
૩.૦૦ કલાકે રખીયાલ ખાતે સ્વાગત
૪.૦૦ કલાકે દેવકારણના મુવાડા ખાતે સભા
સાંજે ૬ વાગે બહિયલ ખાતે સભા

# પોસ્ટ વિભાગની બેદરકારીથી યુવાનનું વાયુદળમાં કારકીર્દી ઘડતરનું સપનું રોળાયું

**ગાંધીનગરમાંથી જ પોસ્ટ કરાયેલો પરીક્ષાનો કોલ લેટર ૪૦ દિવસે મળ્યો : યુવાન પોસ્ટ વિભાગ વિરુદ્ધ કાનુની પગલાં ભરશે**

ગાંધીનગર તા.૧૧

આમ તો આજના ઝડપી યુગમાં ટપાલ સેવાઓએ હજુ પણ તેનું મહત્વ જાળવી રાખ્યું છે પરંતુ ક્યારેક પોસ્ટ સર્વિસમાં એવા છબરડાં સર્જાય છે કે જેના પગલે તેની સેવાઓ પ્રત્યે નાગરિકોનો વિશ્વાસ ડગમગી જાય છે. ગાંધીનગરના એક રાજગારવાંન્છુ યુવાનને આવો જ કડવો અનુભવ થવા પામ્યો છે જેમાં પોસ્ટ ઓફિસ દ્વારા તેને એરફોર્સની પરીક્ષાનો કોલ લેટર ગાંધીનગરમાંથી જ પોસ્ટ કરાયો હોવા છતાં ૪૦ દિવસે પંહોચાડતા યુવાનનું વાયુદળમાં કારકીર્દી ઘડતરનું સપનું રોળાઈ જવા પામ્યું છે.

ગાંધીનગર પોસ્ટ વિભાગની અક્ષમ્ય બેદરકારીના કારણે સરગાસણ ખાતે રહેતા નિકુલ વાઘેલા નામના યુવાનને એર ફોર્સ સિલેક્શન બોર્ડની પરીક્ષાનો કોલ લેટર જે સેક્ટર-૨૫માંથી જ પોસ્ટ કરાયો હોવ છતાં ૪૦ દિવસ પછી મળતા યુવાનની વાયુદળમાં કારકિર્દી ઘડવાની આશા પર પાણી ફરી વળ્યું છે. આ યુવાનને કોલ લેટર પરીક્ષા પૂર્ણ થઈ ગયા પછી મળતાં હતપ્રભ થયેલા યુવાને પોસ્ટ વિભાગ સામે કાયદાકીય પગલાં ભરવાની તૈયારી કરી છે. નિકુલ વાઘેલાએ જે એર ફોર્સની પરીક્ષા માટે અરજી કરી હતી તેની પરીક્ષા તા.૨૪મી જુલાઈના રોજ હતી જેના માટે તા.૩૦મી જુનના રોજ સે.૨૫ ખાતેથી પોસ્ટ કરાયેલો કોલ લેટર નિકુલને ગઈ કાલે એટલે કે તા.૧૦મી ઓગસ્ટના રોજ મળ્યો હતો.

નિકુલ વાઘેલાનું નામ તેના પિતા જે માહિતી ખાતામાં આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવે છે તે કિરીટસિંહ વાઘેલા દ્વારા રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાવવામાં આવ્યું હતું જેના થકી ગાંધીનગરના સે.૨૫માં જીઆઈડીસી ખાતે સ્થિત એર ફોર્સ સિલેક્શન બોર્ડને લાયકાત ધરાવતા નિકુલનું નામ મોકલી આપવામાં આવ્યું હતું. એરફોર્સ સિલેક્શન બોર્ડ દ્વારા તા.૨૪મી જુલાઈના રોજ લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત અન્ય ઉમેદવારોની જેમ નિકુલ વાઘેલાને પણ કોલ લેટર મોકલી બોલાવવામાં આવ્યો હતો જે કોલ લેટર નિકુલને ૪૦ દિવસ બાદ છેક ગઈકાલે મળ્યો હતો. આ બાબતે નિકુલે ગાંધીનગર પોસ્ટ વિભાગના સિનિયર સુપ્રિટેન્ડન્ટને લેખિતમાં જવાબ માંગ્યો છે અને જો તેમનો જવાબ સંતોષકારક નહીં મળે તો પોસ્ટ વિભાગ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવાની પણ તેણે માનસિક તૈયારી કરી લીધી છે.

# વાવોલ સંસ્કાર ધામ ખાતે ચોકલેટના હિંડોળાના દર્શન કરતા દશનાર્થીઓ

પવિત્ર શ્રાવણ માસનું ભારતીય સંસ્કૃતિમાં ખૂબ મહત્વ છે.ભોળાનાથને રીઝવવા ભાવિક ભકતો વિવિધ સામગ્રી લઈને મંદિરે જાય છે ને શિવલિંગની પૂજા કરી પ્રાર્થના કરે છે.મહાદેવ સર્વ ભકતોના મનોરથ પૂર્ણ કરે છે. હિંડોળાનું પણ આ માસમાં ખૂબ મહત્વ રહેલું છે.મંદિરમાં વિવિધ પ્રકારના હિંડોળાઓ તૈયાર કરાય છે. જેનો દર્શનાર્થીઓ લાભ લઈ ધન્ય થતા હોય છે.



બીએપીએસ સંસ્થામાં પ્રમુખસ્વામી શતાબ્દી નિમિત્તે ×પ્રેરણા સેતુ× એપ દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમો ભાવિક ભકતો માટે મુકાયા છે. આ વર્ષે પ્રેરણા સેતુ ડાઉનલોડ કરો તે થીમ સાથે બીએપીએસ સંસ્થાના વાવોલ સંસ્કાર ધામ ખાતે ચોકલેટના હિંડોળો તૈયાર કરાયો છે.જેના અસંખ્ય દર્શનાર્થીઓએ દર્શન કરી હિંડોળો ઝૂલાવ્યો છે ને પ્રેરણા સેતુ ડાઉનલોડ કરી તેની મોજ માણી રહયા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ચાલ, અમે ભાગીએ અને તું છુટ્ટી લાકડી ફેંક... જોઈએ સરકારી પગાર લઈને કેટલા મીટર દૂર લાકડી ફેંકી શકે છે...!!**

# રાષ્ટ્રીય ચેતનાને ઉજાગર કરતો ભવ્ય કાર્યક્રમ ૧૪મીએ યોજાશે

ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી આયોજિત સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ ભવ્ય કાર્યક્રમ ‘તારા નામમાં ઓ સ્વતંત્રતા’ તા. ૧૪-૮-૨૦૨૧, શનિવાર, સાંજે ૬.૩૦ કલાકે ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે યોજાશે. ‘આઝાદીનો અમૃત મહોત્સવ’ અંતર્ગત આ કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો પ્રસ્તુતિ કરશે.

અતિથિવિશેષ તરીકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહેશે. પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા આઝાદીની અવિસ્મરણિય પળોને ઉજાગર કરશે. સુખ્યાત કવિ હરદ્વાર ગોસ્વામીના પુસ્તક ‘કલરવ’નું આ પ્રસંગે વિમોચન થશે. સુપ્રસિદ્ધ વક્તા જય વસાવડા અને ઈશ ધ્વનિત રાષ્ટ્રીય ચેતનાને ઉજાગર કરતું વક્તવ્ય આપશે.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**જાહેર નિવિદા**

જિલ્લા રમત ગમત અધિકારી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લીની કચેરી દ્વારા સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં યોજાનાર રમત-ગમત સ્પર્ધાઓ / શિબીરો / સાંસ્કૃતિક તેમજ વિવિધ કાર્યક્રમો માટે રમતના સાધનો / ગણવેશ / પ્રિન્ટીંગ / ફરાસખાના / ફોટોગ્રાફી / વાહન / ભોજનવ્યવસ્થા પૂરી પાડવા તેમજ અન્ય આઈટમ માટે સરકારી કાર્યક્રમના અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે આ ભાવ પત્રકોની શરતો અને ટેન્ડર કોપી મેળવીને તા. ૨૧/૦૮/૨૦૨૧ ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં ટેન્ડર ઉપરોકત સ્થળે પહોચતા કરવા. કોઈ પણ ટેન્ડરનો સ્વીકાર કરવો ન કરવો તે માટે જિલ્લા રમત-ગમત અધિકારીનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે.

જિલ્લા રમત ગમત અધિકારી અને
જિલ્લા યુવા વિકાસ અધિકારી
અરવલ્લી

નામાનિ/હિંમત/૨૫૬/૨૦૨૧